બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વિધાર્થીઓની સરાસરી હાજરી તથા વર્ગ દીઠ પ્રવેશ સંખ્યા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: ઉમશ-૧૧૦૬-૨૧૩૮-ગ૧,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- 31 DEC 2009

આમુખ:-

ગુજરાત રાજય શાળા સંચાલક મહામંડળના નામે એક અરજીનું પરિશિષ્ટ મળેલ જેમાં કમિશ્નરશ્રી, મ.ભો.યોજના અને શાળાઓની કચેરી ધ્વારા સરાસરી હાજરી અને વર્ગ દીઠ વિધાર્થી સંખ્યા અંગે આપવામાં આવેલ મૌખિક સૂચનાનો ઉલ્લેખ હતો. વિભાગને મળેલ રજુઆતનું વિષયવસ્તુ કમિશ્નર શાળાઓની કચેરીએ આપેલ મૌખિક સુચના હોવાથી વિભાગના તા. ૧૮.૯.૨૦૦૭ ના પત્ર ક્રમાંક: બમશ-૧૩૦૭-૧૯૧૭-ગ થી સ્પષ્ટતા કરવામાં આવેલ કે, વિભાગ ધ્વારા કોઇ મૌખિક કે લેખિત સૂચના આપવામાં આવેલ નથી અને આ બાબતે કમિશ્નરશ્રી, શાળાઓની કચેરીનો સંપર્ક કરવા જણાવેલ. કમિશ્નરશ્રી, શાળાઓની કચેરીએ તેઓના તા. ૭.૧૧.૨૦૦૭ ના પત્રથી વિભાગના ઠરાવની સ્પષ્ટતાઓ બહાર પાડવામાં આવેલ તેની વિગતો જ આપવામાં આવેલ છે.

ગ્રાન્ટ ઈન એઇડ કોડના નિયમ : ૯૬ માં સરાસરી હાજરી અંગેની જોગવાઇ છે. જે શાળાઓ ગ્રાન્ટેડ છે તેઓને ગ્રાન્ટ મેળવવા / ચુકવવાની પાત્રતા આ નિયમ નકકી કરે છે. આ નિયમમાં નિર્દિષ્ટ કર્યા કરતાં ઓછી વિધાર્થી હાજરી હોય ત્યારે શાળાઓને ગ્રાન્ટ કાપ આપવાનું પણ નકકી થયેલ છે. જયારે શાળામાં વિધાર્થી પ્રવેશ સંખ્યા માટેના ધોરણો ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમોના નિયમ નં. ૯(૧૩)(૩) માં નિયત થયેલ છે. આમ, ગ્રાન્ટ મેળવવા માટે શાળાઓએ વિધાર્થી પ્રવેશ સંખ્યા સામે જાળવવાની થતી દૈનિક સરાસરી હાજરી અને વિધાર્થી પ્રવેશ સંખ્યા બંને ભિન્ન બાબત છે. ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમોની જોગવાઇઓ શાળાના સંચાલન માટેની છે જેના વિનિયમ નં. ૪૨ માં સ્પષ્ટ કરેલ છે કે, સહાયક ગ્રાન્ટ નિયમ સંગ્રહ સામે આ વિનિયમો પ્રવર્તશે તેથી શાળાના સંચાલન બાબતે ગ્રાન્ટ ઈન એઇડ કોડની જોગવાઇઓ પૈકી જે જોગવાઇઓને વિનિયમોમાં આવરી લેવામાં આવેલ છે તે હવે અસ્તિત્વમાં રહેતી નથી પરંતુ આ બાબતે વખતોવખત તાબાની કચેરીઓમાં અર્થઘટનના પ્રશ્નો ઉભા થયેલ છે.

વિભાગના તા. ૩૦.૫.૨૦૦૦ ના ઠરાવથી ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમ નં. ૯(૧૩)(૩) માં સુધારો કરવામાં આવ્યો તે પૂર્વેના નોર્મ્સ મુજબ ધોરણ તથા વધારાના વર્ગવાર વિધાર્થી પ્રવેશ સંખ્યા ૫૦ હતી ત્યારે પણ ગ્રાન્ટ મેળવવા માટે શાળાઓએ શહેરી વિસ્તાર અને ગ્રામ્ય વિસ્તારમાં અનુક્રમે ૩૫ અને ૨૩ દૈનિક સરાસરી હાજરી જાળવવાની રહેતી હતી, આમ અનુક્રમે ૭૦ ટકા અને ૪૬ ટકા હાજરીનું પ્રમાણ ૩૦.૫.૨૦૦૦ પહેલાં નિયત થયેલ હતું. રાજય સરકારશ્રીના પ્રયાસો તથા શિક્ષણના વિકાસ સાથે સમાજમાં આવેલ શૈક્ષણિક લોકજાગૃતિને કારણે વાલીઓ બાળકોને માધ્યમિક શિક્ષણ મેળવવા પ્રેરતા હોવાથી શાળાઓમાં એનરોલમેન્ટ વધેલ/પ્રવેશનો ધસારો વધેલ. પ્રવેશને પહોંચી વળવા વર્ગમાં વિધાર્થી પ્રવેશ સંખ્યા ૫૦ થી વધારી ૬૫ કરવા તા. ૩૦.૫.૨૦૦૦ ના ઠરાવની નકકી કરવામાં આવેલ પરંતુ ગ્રાન્ટ મેળવવા માટે શાળાઓએ જાળવવાની થતી

સરાસરી હાજરીના ધોરણોમાં કોઈ સુધારો કરવામાં આવેલ ન હોવાથી શહેરી અને ગ્રામ્ય કક્ષાએ અનુક્રમે વિધાર્થી પ્રવેશ સંખ્યા વધવા છતાં દૈનિક સરાસરી હાજરીનું ધોરણ અનુક્રમે ૩૫ અને ૨૩ યથાવત રહેતાં શહેરી અને ગ્રામ વિસ્તારમાં અનુક્રમે ૫૪ ટકા અને ૩૬ ટકા દૈનિક સરાસરી હાજરીનું ધોરણ અમલમાં રહેલ અને તે મુજબની હાજરી હોય તો સરકારશ્રી ધ્વારા ગ્રાન્ટની ચુકવણી કરવાની રહે. આમ, શૈક્ષણિક વિકાસની સામે શાળાઓમાં વિધાર્થી પ્રવેશ સંખ્યા / એનરોલમેન્ટ સ્ટ્રેન્થ વધવાની સામે દૈનિક સરાસરી હાજરીની ટકાવારી ઓછી હોય તો પણ ગ્રાન્ટ આપવાનું ઉદારવલણ સરકારે અપનાવેલ પરંતુ તેનો ગેરલાભ લેવા વિનિયમો અને ગ્રાન્ટ ઇન એઇડની જોગવાઈઓનું અનુચિત અર્થઘટન થયેલ અને માત્ર ગ્રાન્ટ લેવા માટે નિયત થયેલ દૈનિક સરાસરી હાજરી જેટલી જ વિધાર્થી સંખ્યાને જે તે ધોરણના વધારાના વર્ગ સહિતના વર્ગોમાં પ્રવેશ આપવામાં આવેલ હોવાથી ઓછા વિધાર્થીઓએ વધારાના વર્ગો મેળવી વધારાના શિક્ષકોની ભરતી કરી સરકારશ્રીની ગ્રાન્ટ લેવાયેલ હોવાનું પણ સરકારશ્રીના ધ્યાને આવેલ. આમ, શિક્ષણના વિકાસ સાથે શાળાઓમાં વિધાર્થીઓની દૈનિક સરાસરી હાજરીની ટકાવારી વધવાને બદલે ઘટેલ છે અને ઓછા વિધાર્થીઓએ વધારાના વર્ગો ચલાવી પગાર અને નિભાવ ગ્રાન્ટ મેળવવામાં આવતી હોવાથી સરકારશ્રી પર ગ્રાન્ટનું ભારણ વધેલ છે ત્યારે શાળામાં વિધાર્થી પ્રવેશ સામે વધુમાં વધુ વિધાર્થીઓ શાળામાં હાજરી આપી શિક્ષણનો લાભ મેળવે તે જરુરી બનેલ છે. જેની સ્પષ્ટતા બહાર પાડવાનું સરકારશ્રીની વિચારણા હેઠળ હતું.

ઠરાવ :-

પુખ્ત વિચારણાને અંતે રાજયમાં આવેલ લઘુમતિ શાળાઓ સહિતની ગ્રામ્ય તથા શહેરી વિસ્તારની તમામ ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ શાળાઓ, બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે વર્ગખંડનું માપ, વિધાર્થી દીઠ જગ્યા, વર્ગ દીઠ વિધાર્થી પ્રવેશ સંખ્યા, ગ્રાન્ટેડ શાળાઓને ગ્રાન્ટ મેળવવા માટે જાળવવાની થતી દૈનિક સરાસરી હાજરી અંગેના ધોરણો તથા ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો તથા ગ્રાન્ટ ઈન એઇડની જોગવાઇઓ અંગે આથી નીચે મુજબ સુધારાસહ સ્પષ્ટતા બહાર પાડવામાં આવે છે.

૧. ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો- ૧૯૭૪ના વિનિયમ નં. ૯(૧૩)(૨) ની હાલની જોગવાઈમાં ફેરફાર કરી વિધાર્થી દીઠ જગ્યાનું માપ ૬ ચો.ફુટ રાખવાની રહેશે.

૨. ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો- ૧૯૭૪ના વિનિયમ નં. ૯(૧૩)(૨) ની હાલની જોગવાઈ મુજબ જે શાળાઓને આ સૂચનાઓ બહાર પડે તે પહેલાં મંજુરી આપવામાં આવેલ છે તેવી શાળાઓ માટે વર્ગખંડનું માપ ૪૦૦ ચો.ફુટ રાખવાનું રહેશે અને જયારે શાળાઓ નવા મકાનમાં સીફટ થાય કે જે ટ્રસ્ટ હાલ ભાડાના મકાનમાં શાળા ચલાવે છે તેવી શાળાઓ પોતાના મકાન બનાવે ત્યારે લઘુત્તમ ૪૦૦ ચો.ફુટના ઓરડાના માપને વળગી ન રહેતાં શહેરી તથા ગ્રામ્ય બંને વિસ્તાર માટે દરેક ધોરણના દરેક વધારાના વર્ગમાં લઘુત્તમ ૬૦ વિધાર્થી સંખ્યા સમાવી શકાય તે મુજબ વર્ગ ખંડના દરેક ઓરડાનું બાંધકામ કરવાનું રહેશે. આ જગામાં શિક્ષક માટેનાં ખુરશી ટેબલ, ટીચીંગ પ્લેટફોર્મ, બ્લેકબોર્ડ અને શીખવવા માટે જરુરી બીજી કોઇ સાધનસામગ્રી માટે જોઇતી જગાનો સમાવેશ થતો નથી. બોર્ડ ધ્વારા હવે પછી જે શાળાઓને મંજુરી આપવામાં આવે તે તમામ શાળાઓ માટે પણ ઉક્ત સુધારા મુજબની જોગવાઇઓ લાગુ પાડવાની રહેશે.

૧. ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો- ૧૯૭૪ના વિનિયમ નં. ૯(૧૩)(૩) ની પ્રવર્તમાન જોગવાઇ મુજબ માધ્યમિક શાળાઓ માટે દરેક ધોરણના દરેક વધારાના વર્ગ સહિત વિધાર્થી

પ્રવેશ સંખ્યા ૬૫ છે તેમાં ફેરફાર કરી દરેક ધોરણના દરેક વધારાના વર્ગમાં ૬૦ વિધાર્થીઓને પ્રવેશ આપવાની જોગવાઈ કરવામાં આવે છે.

૨. કમિશ્નરશ્રી, મ.ભો.યોજના અને શાળાઓની કચેરીના તા. ૧૨.૬.૨૦૦૦ ના પરિપત્રથી ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે નકકી થયેલ દરેક ધોરણના દરેક વધારાના વર્ગ માટે સમાવવાની થતી ૭૫ વિધાર્થીઓના પ્રવેશના નોર્મ્સને બદલી ૬૦ વિધાર્થીઓને પ્રવેશ આપવાનો રહેશે. સામાન્ય પ્રવાહ, વિજ્ઞાન પ્રવાહ, ઉત્તર બુનિયાદી પ્રવાહ તથા વ્યવસાયલક્ષી પ્રવાહ માટે દરેક ધોરણના દરેક વધારાના વર્ગ સહિત વિધાર્થી પ્રવેશ સંખ્યા અલગ અલગ છે તેમાં ફેરફાર કરી દરેક ધોરણના દરેક વધારાના વર્ગમાં ૬૦ વિધાર્થીઓને પ્રવેશ આપવાની જોગવાઈ કરવામાં આવે છે.

૩. રાજ્યમાં આવેલ તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે ઉકત નિયમોથી નિયત થતી દરેક ધોરણના દરેક વધારાના વર્ગ સહિતની વિધાર્થી પ્રવેશ સંખ્યા સામે ગ્રાન્ટ મેળવવા માટે દૈનિક સરાસરી હાજરીનું ધોરણ ગ્રાન્ટ ઈન એઈડ કોડના નિયમ : ૯૬ થી નિયત થયેલ છે તે રદ કરવાનું રહેશે અને તેને સ્થાને શહેરી વિસ્તારમાં વિધાર્થી પ્રવેશ સંખ્યા સામે ૮૦ ટકા અને ગ્રામ્ય વિસ્તાર માટે ૫૫ ટકા દૈનિક સરાસરી હાજરી રાખવાની રહેશે. ગ્રાન્ટ મેળવવા માટે જાળવવાની થતી દૈનિક સરાસરી હાજરી ન જાળવવાના કિસ્સામાં ગ્રાન્ટ કાપની બાબતે હવે પછી અલગથી સૂચનાઓ બહાર પાડવામાં આવશે જે મુજબ ગણતરી કરવાની રહેશે.

૪. વિભાગના તા. ૩૧.૫.૧૯૭૭ ના ઠરાવથી જયારે શૈક્ષણિક લોકજાગૃતિ ન હતી તે સમયે લઘુમતિ શાળાઓને ગ્રાન્ટની પાત્રતા માટે દૈનિક સરાસરી હાજરીમાં જે છુટછાટ આપવામાં આવેલ છે તે આથી રદ કરવામાં આવે છે. રાજયની તમામ લઘુમતિ શાળાઓ માટે પણ ઉકત જોગવાઈનો ચુસ્તપણે અમલ થાય તે જોવાનું રહેશે.

૫. ઉકત તમામ સુધારા મુજબના આનુષાંગિક સુધારા જે તે વિનિયમની જોગવાઈ સામે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડે કરવાના રહેશે.

૬. **ઉકત જોગવાઈઓનો અમલ જુન- ૨૦૧૦ ના શૈક્ષણિક સત્રથી ચુસ્તપણે કરવાનો રહેશે.**

૭. શાળાઓમાં વિધાર્થી પ્રવેશ સંખ્યા વધતા દર વર્ષે શાળાઓ ધ્વારા વધારાના વર્ગો મંજુર કરવા દરખાસ્તો મળતી હોય છે તે માટે જુન- ૨૦૧૦ થી કયા ધોરણે વર્ગો આપવાના રહેશે તેની વિગતવાર સૂચનાઓ હવે પછી બહાર પાડવામાં આવશે તેથી હાલ જે શાળાઓ ધ્વારા જુન- ૨૦૦૯ થી વર્ગ વધારાની માંગણી કરેલ છે તેના કિસ્સામાં અગાઉ જે મુજબ ગણતરી કરી વર્ગો આપવામાં આવતા હતા તે મુજબ વધારાના વર્ગો મંજુર કરવાના રહેશે.

૮. ઉપર મુજબની ગણતરી કરતાં જે શાળાઓમાં વિધાર્થી સંખ્યા સામે વધારાના વર્ગો તથા વધારાના શિક્ષકો માલુમ પડે તેઓને હાલ છુટા કરવાના રહેશે નહીં પરંતુ આવા કિસ્સાઓ જુલાઇ ૨૦૧૦ પહેલાં રાજય સરકારના ધ્યાને લાવવાના રહેશે. આવા શિક્ષકોની વિગતો કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી / સરકારશ્રી ધ્વારા ચાલુ વર્ષે જે વધારાના વર્ગો મંજુર કરવામાં આવે તેની સામે જો શાળાઓમાં વધારાના શિક્ષક આપવાના થતા હોય તો તેઓને સમાવવાના રહેશે. પરંતુ, આવા શિક્ષકોને ફાજલનું રક્ષણ તરીકેના લાભો આપવાના રહેશે નહીં. કોઈપણ સંજોગોમાં શિક્ષકો કાર્યબોજ વિના રહે નહીં તેની કાળજી પણ કમિશ્નરશ્રી, શાળાઓની કચેરીએ રાખવાની રહેશે અને જરુર જણાયે વિગતો રાજય સરકારને સત્વરે રજુ કરવાની રહેશે.

અગાઉ બહાર પાડવામાં આવેલ સરાસરી હાજરી અંગેના તા. ૧૮.૩.૭૬, તા. ૩૧.૫.૭૭, ૨૩.૬.૧૯૮૯ અને તા. ૩૧.૧.૯૨ ના ઠરાવ આથી રદ કરવામાં આવે છે.

માન્ય વર્ગો સિવાયના વધારાના વર્ગ માટે જે તે ધોરણના માન્ય વર્ગ ઉપરાંતના વધારાના વર્ગ માટે જે વિધાર્થીઓને પ્રવેશ આપી વધારાના ડીવીઝનમાં સમાવવામાં આવે તે વિધાર્થીઓને આધારે જયાં સુધી વર્ગની માન્યતા કે વર્ગ વધારો મળે નહીં ત્યાં સુધી દરેક ધોરણના દરેક વધારાના વર્ગમાં ૬૦ વિધાર્થી ઉપરાંતના વિધાર્થી પાસેથી સંસ્થા જે ફી સ્વીકારે તે સરકારશ્રીના ગ્રાન્ટના હિસાબો ખાતે જમા લેવાની રહેશે નહીં.

આ નિયમો બાબતે કમિશ્નરશ્રી, મ.ભો.યોજના અને શાળાઓની કચેરી કે જીલ્લા શિક્ષણાધિકારીશ્રીઓને અર્થઘટનમાં કોઇ મુશ્કેલી હોય તો તે માટે રાજય સરકારનું માર્ગદર્શન મેળવી નિર્ણય લેવાનો રહેશે. તાબાની કચેરીઓ ધ્વારા પોતાની મેળે અર્થઘટન ન કરતાં શિક્ષણ વિભાગ પાસેથી સ્પષ્ટતા મેળવી પ્રશ્નનો નિકાલ લાવવાનો રહેશે. કોર્ટ કેસ ઉભા થાય તેવા અનુચિત અર્થઘટન કરી નિર્ણય લેવાશે તો જવાબદારી નકકી કરી સંબંધિતો સામે શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( એન.પી.વાછાણી )
નાયબ સચિવ,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી શિક્ષણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી, (માધ્ય) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજના અને શાળાઓની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- તમામ જીલ્લા શિક્ષણાધિકારીશ્રી.
- તમામ અધિકારીશ્રી.,શિક્ષણ વિભાગ., સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, ગ અને છ શાખા.
- સીલેકટ ફાઇલ.